દિવાળીએ ફટાકડા ફોડવાના નામે આતંક

પાલ-હજીરા રોડ, ડુમસ રોડ સહિતના વિસ્તારોમાં રસ્તાઓ અને સોસાયટીના માર્ગો પર ફટાકડા ફોડતાં બાઇક્ચાલકોને નિશાન બનાવાયા

વાહનચાલકો ગભરાઈને પટકાયા તો રંગોળી બનાવતી મહિલાઓ પણ દાઝી, સુરતમાં 100થી વધુ સ્થળોએ આગ લાગી



સુરતઃ દિવાળીના પર્વ નિમિત્તે સુરત શહેરમાં પ્રકાશના આ ઉત્સવની ઉજવણી ઉત્સાહભેર કરવામાં આવી હતી, પરંતુ આ ઉજવણી કેટલાક અસંવેદનશીલ અને બેજવાબદાર લોકોની હરકતોના કારણે અનેક પરિવારો માટે કાળમુખી સાબિત થઈ હતી. શહેરમાં મોડી રાતથી લઈને વહેલી સવાર સુધી ફટાકડાના ધડાકા ગુંજતા રહ્યા, પરંતુ આ પર્વની આડમાં કેટલાક લોકોએ જાહેર માર્ગો પર આતંક મચાવ્યો હતો. લોકોની સુરક્ષાને તાક પર મૂકીને કરવામાં આવેલી બેફામ ફટાકડા ફોડવાની પ્રવૃત્તિએ અનેક નિર્દોષ નાગરિકોની ખુશીઓ પર પાણી ફેરવી દીધું હતું.

શહેરમાં કેટલાક ચોક્કસ મુખ્ય માર્ગો અને વિસ્તારો એવા હતા જ્યાં અસામાજિક તત્વો અને બેજવાબદાર લોકો દ્વારા ફટાકડા ફોડવાના નામે ગંભીર અરાજકતા ફેલાવવામાં આવી હતી. ખાસ કરીને નીચે મુજબના વિસ્તારોમાં વાહનચાલકો માટે નીકળવું દુષ્કર બની ગયું હતું. આ ઉજવણી દરમિયાન સૌથી વધુ ભોગ બાઇક્ચાલકો અને ઘરઆંગણે તહેવાર મનાવી રહેલી મહિલાઓ બન્યા હતા. રસ્તાઓ પરથી પસાર થતા બાઇક્ચાલકો અને પોતાના પરિવાર સાથે જઈ રહેલા નાના બાળકો વાળા વાહનચાલકોની નજીક ઈરાદાપૂર્વક કે બેદરકારીથી ફટાકડા ફેંકવામાં આવ્યા હતા. અચાનક ધડાકો થવાથી ગભરાઈને અનેક બાઇક્ચાલકોએ વાહન પરથી કાબૂ ગુમાવ્યો હતો અને તેઓ રસ્તા પર પટકાયા હતા. આ ગંભીર અકસ્માતોમાં અનેક લોકોને ગંભીર ઈજાઓ થતાં તાત્કાલિક હોસ્પિટલ ખસેડવાની ફરજ પડી હતી. ઘરઆંગણે રંગોળી બનાવતી મહિલાઓ ઈજાગ્રસ્તઃ માત્ર વાહનચાલકો જ નહીં, પરંતુ સોસાયટીઓમાં પોતાના ઘરની બહાર સુંદર રંગોળી બનાવી રહેલી મહિલાઓ પણ આ બેદરકારીનો શિકાર બની હતી. રંગોળીની બિલકુલ નજીક જ ફટાકડા ફોડવામાં આવતા કેટલીક મહિલાઓ દાઝી ગઈ હતી અને ઈજાગ્રસ્ત થઈ હતી.

આ સમગ્ર ઘટનાક્રમમાં સુરત પોલીસ અને સ્થાનિક વહીવટી તંત્રની ભૂમિકા સામે ભારે રોષ અને ટીકાનો સૂર ઉઠ્યો છેઃ તહેવારો દરમિયાન જાહેર રસ્તાઓ પર ટ્રાફિકને અડચણરૂપ બનીને અને લોકોની જિંદગી જોખમમાં મૂકીને ફટાકડા ફોડનારાઓ સામે પોલીસ દ્વારા અગાઉથી કોઈ સખત પ્રતિબંધ કે કડક પેટ્રોલિંગ ગોઠવવામાં આવ્યું નહોતું. શહેરમાં મોડી રાત સુધી કાયદાની પરવા કર્યા વગર રસ્તાઓ પર આતંક મચાવનારા તત્વો સામે પોલીસ પ્રશાસનની ઘોર નિષ્ક્રિયતા જોવા મળી હતી. જો પોલીસે સમયસર કડક પગલાં લીધા હોત અને પેટ્રોલીંગ સઘન બનાવ્યું હોત, તો અનેક નિર્દોષ નાગરિકો અકસ્માત અને ઈજાઓનો ભોગ બનવાથી બચી શક્યા હોત. આ પ્રકારની બેજવાબદાર ઉજવણીથી તહેવારની ખુશી ચિંતા અને ડરમાં ફેરવાઈ ગઈ છે, ત્યારે ભવિષ્યમાં આવા બનાવો ન બને તે માટે વહીવટી તંત્ર અને પોલીસે સખત પગલાં લેવા અનિવાર્ય બન્યા છે.

ક્યા ક્યા વિસ્તારોમાં ફટાકડા ફોડવાના નામે આતંક મચાવાયો

» પાલ હજીરા રોડ, પાલ ગૌરવપથ અને પાલના આંતરિક રસ્તાઓ પર યુવાનો દ્વારા બેફામ ફટાકડા ફોડીને રાહદારીઓ તથા વાહનચાલકોને પરેશાન કરવામાં આવ્યા હતા.
» ડુમસ રોડ અને ઉધના મગદલ્લા રોડઃ આ વ્યસ્ત માર્ગો પરથી પસાર થતા નાગરિકો માટે ફટાકડા જોખમી સાબિત થયા હતા.
» આઉટર રિંગરોડ અને મોટા વરાછાઃ આ વિસ્તારોમાં સોસાયટીઓ અને મુખ્ય રસ્તાઓ પર ફટાકડાના કારણે અફરાતફરીનો માહોલ સર્જાયો હતો.

કતારગામના BHMSના વિદ્યાર્થી સાથે ઓનલાઇન સાયબર ફ્રોડ

‘HOT Wave’ એપ ડાઉનલોડ કરતા બેંક ખાતામાંથી રૂપિયા 95,000 સેરવી લેનાર ઠગ સામે ગુનો

ઇન્સ્ટાગ્રામ પર ફ્રી મુવી જોવાની લાલચ આપી મોબાઈલ હેક કરી સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયાના ખાતામાંથી રકમ ઉપાડી લીધી

સુરત : કતારગામ વિસ્તારમાં રહેતા અને BHMS કોલેજમાં અભ્યાસ કરતા એક યુવાન સાથે ઇન્સ્ટાગ્રામ પર આવેલી એક એડ જોઈને ‘HOT Wave’ નામની નકલી એપ ડાઉનલોડ કરવાના ચક્કરમાં રૂપિયા 95,000 ની છેતરપિંડી થયાની અત્યંત ચોંકાવનારી ઘટના સામે આવી છે. આ મામલે પીડિત વિદ્યાર્થી દ્વારા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે.

કતારગામ ધનમોરા ખાતે દાનેવ આશીષ સોસાયટીમાં રહેતા અને BHMS કોલેજમાં અભ્યાસ કરતા 23 વર્ષીય નિરવભાઈ ભરતભાઈ વરીયા દ્વારા આ ફરિયાદ નોંધાવવામાં આવી છે. ગત તા. 22/10/2026 ના રોજ રાત્રિના આશરે નવેક વાગ્યાના અરસામાં નિરવભાઈ પોતાના મોબાઈલ ફોનમાં ઇન્સ્ટાગ્રામ એપ્લિકેશન પર રીલ્સ જોઈ રહ્યા હતા. તે દરમિયાન ઇન્સ્ટાગ્રામમાં ફ્રીમાં મૂવીઝ તથા વેબસીરિઝ જોવા માટે ‘HOT Wave’ નામની એપ્લિકેશન ડાઉનલોડ કરવાની એક એડવર્ટાઈઝમેન્ટ આવી હતી. એડ જોઈને લાલચમાં આવેલા નિરવભાઈએ તેમાં આપેલી લિંક પર ક્લિક કરીને એપ્લિકેશન ઇન્સ્ટોલ કરી લીધી હતી અને તમામ પરવાનગીઓ આપી દીધી હતી. એપમાં એરર આવતી હોવાથી તેમણે તે તરત જ ડિલીટ કરી નાખી હતી. પરંતુ બીજા દિવસે તા. 23/10/2026 ના રોજ સવારે તેમનો મોબાઈલ ફોન ઓટોમેટિક સિસ્ટમ અપડેટ થતો હોય તેમ વર્તવા લાગ્યો હતો અને ટચ પણ કામ કરતું ન હતું. જેથી તેઓ વીવો સર્વિસ સ્ટેશને ગયા હતા, જ્યાં ટેક્નિશિયને ફોનમાં ઇન્સ્ટોલ થયેલી ફ્રોડ એપ્લિકેશન ડિલીટ કરી આપી હતી. ત્યારબાદ તા. 27/10/2026 ના રોજ જ્યારે તેમણે એસબીઆઈની બેંક એપ્લિકેશનમાં બેલેન્સ ચેક કર્યું, ત્યારે જે દિવસે ફોન હેક થયો હતો તે જ દિવસે (તા. 23/10) સવારે સાડા અગિયાર વાગ્યા આસપાસ તેમના ખાતામાંથી ગૂગલ પે મારફતે રૂપિયા 95,000 કપાઈ ગયા હોવાનું જણાઈ આવ્યું હતું.

સુરતના એકમાત્ર પિકનિક સ્થળ ડુમસ જવા માટે આકર્ષક આઈકોનિક નજરાણું બનશે

42 કરોડના ખર્ચે બની રહ્યો છે સાઇકલ ટ્રેક, ગ્રીનરી અને વોક વે જેવી અદભૂત સુવિધાઓથી નવો માર્ગ સજ્જ બનશે



સુરતઃ સુરતીઓનો મિજાજ હંમેશાં ખાણીપીણી અને ફરવાના શોખીન તરીકેનો રહ્યો છે, જેમાં રજાના દિવસો કે વીકેન્ડ હોય એટલે સુરતીઓ અચૂક ડુમસ તરફ પિકનિક માટે ઉપડી જતા હોય છે. ડુમસ એ સુરતનું વર્ષો જૂનું અને અત્યંત લોકપ્રિય પિકનિક સ્પોટ છે, જ્યાં હંમેશાં સહેલાણીઓની ભારે ભીડ જોવા મળે છે.

સુરત મહાનગરપાલિકા દ્વારા ડુમસ તરફ જવા માટે કુલ રૂ.42 કરોડના ખર્ચે વધુ એક નવો રસ્તો સાકાર કરવામાં આવી રહ્યો છે, જે આગામી દિવસોમાં સુરતીઓ માટે એક શાનદાર ભેટ સાબિત થશે. આ નવા માર્ગના નિર્માણથી સુરતીઓનો પ્રવાસ વધુ સરળ અને આનંદદાયક બનશે તેમજ વીક એન્ડની મજા બગડશે નહીં.

સુરત મહાનગરપાલિકા દ્વારા અંદાજે રૂ.42 કરોડના જંગી ખર્ચે ડુમસ જવા માટે 200 ફૂટ પહોળા અત્યાધુનિક આઈકોનિક સીસી રોડનું કામ યુદ્ધના ધોરણે ચાલી રહ્યું છે, જે ટૂંક સમયમાં જ ખુલ્લો મૂકવામાં આવશે.

આ નવા માર્ગ પર જેમાં સાઇકલ ટ્રેક, આકર્ષક ગ્રીનરી, વોક વે અને સુંદર ગાર્ડનિંગ સહિતની અનેકવિધ આધુનિક સુવિધાઓ ઉપલબ્ધ હશે.

નાસીરનગરના અસરગ્રસ્તોને વૈકલ્પિક આવાસો આપવા મનપાનો સાફ ઈનકાર

સામાન્ય સભામાં મંજૂરી બાદ હાઇકોર્ટમાં સત્તાવાર જવાબ રજૂ કરાશેઃ મનપાની આવી કોઈ પોલિસી નથી

સુરતઃ નાસીરનગર ડિમોલિશન પ્રકરણમાં પ્રભાવિત થયેલા મિલકતદારોને વૈકલ્પિક આવાસો ફાળવવા મુદ્દે સુરત મહાનગરપાલિકા (મનપા)એ નકારાત્મક વલણ અપનાવ્યું છે. મનપા પ્રશાસન દ્વારા સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે પ્રવર્તમાન પોલિસી મુજબ અસરગ્રસ્તોને વૈકલ્પિક આવાસો આપી શકાય તેમ નથી. આ અંગે મનપા દ્વારા આગામી ૨૭ નવેમ્બર-૨૦૨૬ના રોજ હાઈકોર્ટ સમક્ષ સત્તાવાર જવાબ રજૂ કરવામાં આવે તેવી પૂરેપૂરી શક્યતા છે. સ્થાયી સમિતિએ લીધેલા આ કડક નિર્ણયને અંતિમ મંજૂરી માટે આગામી ૨૩ નવેમ્બર-૨૦૨૬ના રોજ મળનારી મનપાની સામાન્ય સભા સમક્ષ રજૂ કરવામાં આવશે. સામાન્ય સભાની સત્તાવાર મંજૂરી મળતાં જ મનપાનું કાનૂની સ્ટેન્ડ સંપૂર્ણપણે સ્પષ્ટ થઈ જશે. ત્યારબાદ ૨૭ નવેમ્બરની સુનાવણી વખતે આ મંજૂર થયેલો સત્તાવાર જવાબ ડ્રાફ્ટ સ્વરૂપે હાઈકોર્ટ સમક્ષ રજૂ કરીને મનપા પોતાનો પક્ષ રાખશે. મનપાના આ વલણથી હવે નાસીરનગરના પ્રભાવિત મિલકતદારોની મુશ્કેલીઓમાં ભારે વધારો થવાનાં એંધાણ વર્તાઈ રહ્યાં છે.

નાસીરનગર ડિમોલિશન સંદર્ભે દાખલ થયેલી પિટિશન નં.૮૭૧૨/૨૦૨૬ અન્વયે આગામી ૨૭ નવેમ્બરના રોજ હાઈકોર્ટમાં મહત્ત્વની સુનાવણી યોજાનાર છે. અગાઉ વૈકલ્પિક આવાસો ફાળવવા મુદ્દે મનપાએ લીધેલા યુ-ટર્નથી હાઈકોર્ટે સખત નારાજગી વ્યક્ત કરી હતી. કોર્ટે આગામી સુનાવણી દરમિયાન સુરત મ્યુનિસિપલ કમિશનર અને સ્થાયી સમિતિના અધ્યક્ષને રૂબરૂ હાજર રહેવા આદેશ કર્યો હતો, સાથે જ પ્રભાવિતોને વૈકલ્પિક આવાસ આપવા અંગે ચોક્કસ પોલિસી કે ડ્રાફ્ટ રજૂ કરવા તાકીદ કરી હતી. હાઈકોર્ટના કડક નિર્દેશ બાદ મનપા વહીવટી તંત્ર દ્વારા આ મામલે યોગ્ય નિર્ણય લેવા માટે સ્થાયી સમિતિ સમક્ષ દરખાસ્ત રજૂ કરવામાં આવી હતી. જોકે, સ્થાયી સમિતિએ આ દરખાસ્તમાં મનપાની પ્રવર્તમાન નીતિઓનો સ્પષ્ટ ઉલ્લેખ ધ્યાને રાખીને, તેમાં કોઈ પણ પ્રકારનો સુધારો કે વધારો કર્યા વિના હાલની અમલી પોલિસીને જ યથાવત રાખવાનો આખરી નિર્ણય કર્યો છે. સમિતિના આ નિર્ણયથી સ્પષ્ટ થાય છે કે અસરગ્રસ્તોને કોઈ વૈકલ્પિક વ્યવસ્થા પૂરી પાડવામાં આવશે નહીં.

ફટાકડા ફોડવા જેવી બાબતે છાતીમાં હથિયારના ઘા ઝીંકી યુવાનની હત્યા

જૂની અદાવતનું મનદુઃખ રાખી શાહિદ અને તેના સાગરીતોએ કલર કામ કરતા યુવક પર જીવલેણ હુમલો કરી મોતને ઘાટ ઉતારી દીધો

સુરત : ભટાર વિસ્તારમાં દિવાળીના તહેવાર ટાણે ફટાકડા ફોડવા જેવી સામાન્ય બાબતમાં થયેલી બોલાચાલી બાદ જૂની અદાવતનો ખાર રાખીને 18 વર્ષીય યુવાનની છાતીમાં તીક્ષ્ણ હથિયારના પાંચ જેટલા ઘા ઝીંકીને ક્રૂરતાપૂર્વક હત્યા કરી નાખવાની અત્યંત હૃદયદ્રાવક ઘટના સામે આવી છે.

ભટાર વિસ્તારમાં રહેતો 18 વર્ષીય પ્રસિદ્ધ સંતોષ મોરે (ઉર્ફે સન્ની) પોતાની આજીવિકા માટે કલર કામ કરતો હતો અને પરિવારનો મુખ્ય આર્થિક સહારો હતો. ગતરોજ તે બાળકો સાથે ભટાર વિસ્તારમાં ફટાકડા ફોડી રહ્યો હતો. તે દરમિયાન ત્યાં હાજર શાહિદ અને તેના પરિવારે અચાનક ગાળાગાળી શરૂ કરી દીધી હતી. મૃતકના મિત્ર ધર્મેન્દ્રએ જણાવ્યું હતું કે શાહિદ અને તેના સાગરીતો અગાઉથી જ દારૂ તેમજ ગાંજાનો ગેરકાયદે ધંધો કરે છે અને તેમની સાથે અગાઉની જૂની દુશ્મની ચાલી આવતી હતી.

સન્ની ત્યાંથી નીકળવા લાગ્યો ત્યારે પાછળથી 6 થી 7 જેટલા શખ્સો એકાએક તૂટી પડ્યા હતા છાતીના ભાગે તીક્ષ્ણ હથિયારના પાંચ ઊંડા ઘા ઝીંકી દીધા હતા, જેને કારણે તે લોહીલુહાણ થઈને જમીન પર ફસડાઈ પડ્યો હતો. આ બનાવ અંગે ખટોદરા પોલીસ મથકમાં ગુનો દાખલ કરવામાં આવ્યો છે. ઘટનાસ્થળની આસપાસ સીસીટીવી કેમેરા લાગેલા હોવાથી આખો ખૂની હુમલો કેમેરામાં કંડારાયો હોવાની પ્રબળ સંભાવના છે. પોલીસે સીસીટીવી ફૂટેજ કબજે કરીને તપાસ શરૂ કરાઈ છે.

સ્મિમેરના સ્ટાફ ક્વાર્ટરમાં MBBSના ઈન્ટર્ન ડોક્ટર પર જીવલેણ હુમલો

સોનાની વીંટી અને કાંડા ઘડિયાળની ચડસાચડસીમાં સાથી ઇન્ટર્ન વિદ્યાર્થીએ ગળું દબાવી કપાળમાં સ્ટીલનો ડબ્બો મારી માથું ફોડી નાંખ્યું

સુરતઃ સ્મિમેર હોસ્પિટલના કેમ્પસમાંથી અત્યંત ચોંકાવનારી ઘટના સામે આવી છે.

મહેસાણાના વિસનગરના વતની અને હાલ સુરતની સ્મિમેર હોસ્પિટલના ‘બી’ બ્લોક સ્ટાફ ક્વાર્ટરમાં રહીને MBBSની ઈન્ટર્નશિપ કરતા 24 વર્ષીય ચૈતન્ય કીર્તિકુમાર જોષી દ્વારા વરાછા પોલીસ મથકે ફરિયાદ નોંધાવવામાં આવી છે. પોલીસ સમક્ષ આપેલી વિગતો મુજબ દોઢેક વર્ષ અગાઉ સાથે રહેતા ધ્વનિલ દીપકભાઈ પટેલ નામના ઈન્ટર્ન વિદ્યાર્થીએ પોતાની સોનાની વીંટી લઈ લીધી હોવાની ચૈતન્યને શંકા હતી. જેથી ચૈતન્યએ બદલો લેવાના ભાગરૂપે છ મહિના અગાઉ ધ્વનિલની કાંડા ઘડિયાળ પોતાની પાસે રાખી લીધી હતી અને શરત મૂકી હતી કે મારી વીંટી પરત મળશે ત્યારે જ ઘડિયાળ પાછી આપવામાં આવશે. ગત 5 નવેમ્બરે મોડી રાત્રે આશરે એક વાગ્યાના અરસામાં ચૈતન્ય પોતાના મિત્ર ક્રિષ્ણરાજ સાથે બહાર જમીને હોસ્ટેલ પરત ફર્યો હતો. ત્યારે પાર્કિંગમાં પહેલેથી જ હાજર રહેલા ધ્વનિલે પાછળથી આવીને અચાનક ચૈતન્યનો કોલર પકડી લીધો હતો અને મારી ઘડિયાળ ક્યાં છે? તેમ કહીને માર માર્યો હતો. ચૈતન્યએ રૂમ પર જઈ ઘડિયાળ પાછી આપી દીધી હતી પરંતુ ધ્વનિલે તેના પર સ્ટીલની પાણીની બોટલ ફેંકીને રૂમમાં પડેલો સ્ટીલનો ડબ્બો જોરથી ચૈતન્યના કપાળના ભાગે ફટકારી દીધો હતો, જેના કારણે કપાળમાંથી ધોધમાર લોહી વહેવા લાગ્યું હતું. વરાછા પોલીસે તપાસ શરૂ કરી છે.

દિવાળીના તહેવારો પહેલાં હોટલ-રેસ્ટોરન્ટમાં વાસી ખોરાકનો પર્દાફાશ!

65 એકમની તપાસમાં 439 કિલો અખાદ્ય સામગ્રી મળી

સુરતઃ દિવાળીના તહેવારોમાં હોટલ-રેસ્ટોરન્ટ અને ખાણીપીણીનાં સ્થળોએ ગ્રાહકોની ભીડ વધવાની છે, ત્યારે સુરત જિલ્લામાં ખાદ્ય સુરક્ષાને લઈને ચોંકાવનારી હકીકત સામે આવી છે. બહાર હોટલમાં જમવા જતા ગ્રાહકોને પીરસાતો ખોરાક કેટલો સુરક્ષિત છે તે અંગે સવાલ ઊભા થયા છે. ખોરાક અને ઔષધ નિયમન તંત્રની છેલ્લા કેટલાક મહિનાની તપાસમાં 65 ખાદ્ય એકમમાંથી આશરે 439 કિલો વાસી, એક્સપાયર અને માનવ વપરાશ માટે અયોગ્ય ખાદ્ય સામગ્રી મળી આવી હતી. રૂ.53,632ની કિંમતનો આ જથ્થો નાશ કરાયો હતો, જ્યારે સ્વચ્છતા અને ફૂડ સેફ્ટીના નિયમોના ભંગ બદલ ચાર એકમોને તાત્કાલિક બંધ કરાવાયાં હતાં.

ઝૈતૂન રિસોર્ટમાંથી 100 કિલો ખાદ્ય સામગ્રીનો નાશ

લાજપોરના ઝૈતૂન ફૂડ રિસોર્ટમાંથી 100 કિલો ખાદ્ય સામગ્રીનો નાશ કરાયો હતો. મહુવાની ધ કેફેનિટી અને હોટલ નંદિનીમાંથી વાસી તથા એક્સપાયર પનીર, બ્રેડ અને ચીઝ મળ્યાં હતાં. કોસમાડા કેનાલ રોડની કોલસા એન્ડ ક્રસ્ટમાંથી 4.5 કિલો એક્સપાયર ચીઝનો નાશ કરાયો હતો.

તાપી રેસ્ટોરન્ટને સુધારાની નોટિસ

ઉભેળની તાપી રેસ્ટોરન્ટમાંથી મશરૂમ અને ટોમેટો સૂપના નમૂના લઈ તપાસ માટે મોકલાયા હતા અને તેને સુધારાની નોટિસ અપાઈ હતી. દિવાળીના તહેવારો પહેલાંની આ કાર્યવાહી ખાણીપીણીનાં સ્થળોએ સ્વચ્છતા અને ખાદ્ય સુરક્ષાના નિયમોનું પાલન કેટલું જરૂરી છે તે દર્શાવે છે.

તપાસમાં સામે આવેલા આંકડા

● 65 તપાસ કરાયેલાં એકમો ●439 કિલો નાશ કરાયેલો ખાદ્ય જથ્થો (આશરે) ● 53,632 નાશ કરાયેલા જથ્થાની કિંમત

બંધ કરાવાયેલાં ચાર એકમો

» પટેલ ઢાબા મહેસાણાવાળા-દેલાડવા » શ્રી મલ્હાર ઢોસા એન્ડ પાઉંભાજી-દેલાડવા » શ્રી ખોડિયાર કાઠિયાવાડી ઢાબા-કોસમાડા » અવસર ગાર્ડન રેસ્ટોરન્ટ-કોસમાડા

નવા વર્ષના દિવસે નવદંપતીનું ‘મેરાયુ’ હવે લુપ્ત થવાના આરે

સુરતની જૂની સામાજિક પરંપરાએ આધુનિકતાના યુગમાં ગુમાવી પોતાની ઓળખ

નવી પેઢી માટે ‘મેરાયુ’ માત્ર એક અજાણી વિધિ બની

સુરતઃ દિવાળીના તહેવારો બાદ નવવિવાહિત યુગલ દ્વારા નવા વર્ષના દિવસે કરવામાં આવતું ‘મેરાયુ’ આજે લુપ્ત થવાના આરે છે. એક સમયે સુરત સહિત દક્ષિણ ગુજરાતના અનેક પરિવારોમાં નવા વર્ષના દિવસે નવદંપતીનું મેરાયુ કરાવવાની પરંપરા જોવા મળતી હતી. લગ્ન બાદ આવતા નવા વર્ષના દિવસે નવવિવાહિત દીકરા-વહુ અથવા દીકરી-જમાઈ પરિવારના વડીલો, સગાં-સંબંધીઓ અને પરિચિતોના ઘરે જઈ નવા વર્ષની શુભેચ્છાઓ પાઠવતાં હતાં. જોકે, આ રીતિ-રિવાજનું સ્વરૂપ સમાજ, જ્ઞાતિ અને પરિવાર પ્રમાણે અલગ અલગ જોવા મળતું હતું. એક સમયે નવા વર્ષના દિવસની રોનક વધારતું નવદંપતીનું ‘મેરાયુ’ આજે અનેક પરિવારોમાં ભૂતકાળની યાદ બની રહ્યું છે. ખરેખર, સમય બદલાય તે સ્વાભાવિક છે, પરંતુ સમયની સાથે આપણી સંસ્કૃતિ અને સંબંધોની મીઠાશ પણ લુપ્ત ન થઈ જાય તે જાળવવાની જવાબદારી સમાજની છે.

મેરાયુ કઈ રીતે બનાવવામાં આવે છે?

શેરડીના બેથી અઢી ફૂટ લાંબો ટુકડો લેવામાં આવે છે. શેરડીના ઉપરના ભાગે ચારથી પાંચ ચીરા પાડવામાં આવે છે. તેમાં કપાસ અથવા સુતરાઉ કપડાંની જાડી વાટ મૂકવામાં આવે છે. વાટમાં તેલ અથવા ઘી પૂરવામાં આવે છે. ત્યારબાદ તેને પ્રગટાવી મેરાયુ તૈયાર કરવામાં આવે છે.

પરંપરા માત્ર વિધિ નહીં, સંબંધો સાચવવાનું માધ્યમ હતી

મેરાયુ જેવી પરંપરાનું મહત્ત્વ માત્ર નવદંપતીને સગાં-સંબંધીઓના ઘરે લઈ જવામાં નહોતું, પરંતુ લગ્નથી જોડાયેલા નવા સંબંધોને સ્વીકારવા, વડીલોનાં આશીર્વાદ મેળવવા અને પરિવાર વચ્ચે આત્મીયતા વધારવામાં હતું. આધુનિક યુગમાં આ પરંપરાને ફરી જીવંત કરવાની જરૂર છે. કારણ કે, સંસ્કૃતિ માત્ર તહેવારોની ઉજવણીથી જળવાતી નથી, પરંતુ પેઢી દર પેઢી ચાલતી આવતી આવી નાની-નાની સામાજિક પરંપરાઓથી જીવંત રહે છે.

જૂની વસ્તુઓને ચમકાવી નવું બજાર

કારમી મોંઘવારીમાં હવે નવું ફર્નિચર ખરીદવા કરતાં જૂનાને નવો લૂક આપવાનો ક્રેઝ

સુરતઃ દિવાળી એટલે ઘરની સાફસફાઈ, રંગરોગાન અને નવી વસ્તુઓની ખરીદીનો તહેવાર. જોકે, બદલાતા સમય મોંઘવારીના મારને કારણે દિવાળીમાં બજારમાં એક નવો બિઝનેસ ટ્રેન્ડ જોવા મળી રહ્યો છે. હવે લોકો જૂની વસ્તુઓને ફેંકી દેવાને બદલે તેને રિપેર કરાવી નવો લૂક આપવાનું તેમજ ઉપયોગમાં ન હોય તેવી વસ્તુઓનું પુનર્વેચાણ કરવાનું પસંદ કરી રહ્યા છે. પરિણામે ફર્નિચર રિપેરિંગ, પોલિશિંગ બાદ સેકન્ડ હેન્ડ વસ્તુઓના બજારમાં દિવાળી પૂર્વે ફૂલ્યુંફાલ્યું છે. ફર્નિચરના વ્યવસાય સાથે સંકળાયેલા મહેશભાઈ શર્માના જણાવ્યા મુજબ દિવાળી પહેલાં ઘરને નવો દેખાવ આપવાની ઈચ્છા દરેક પરિવારની હોય છે. પરંતુ નવા સોફા, કબાટ, ડાઈનિંગ ટેબલ અને લાકડાના અન્ય ફર્નિચરના વધતા ભાવને કારણે મધ્યમ વર્ગ હવે ખરીદીના બદલે જૂના ફર્નિચરના મેકઓવર તરફ વળ્યો છે. જૂના સોફાના કવર બદલીને નવી ડિઝાઈનનું ફેબ્રિક લગાવવું, લાકડાના ફર્નિચરનું પોલિશિંગ કરાવવું, ખુરશી અને ટેબલનું સમારકામ કરાવવું જેવાં કામોમાં કારીગરોને વધુ ઓર્ડર મળી રહ્યા છે. વેપારીઓ અને કારીગરોના જણાવ્યા મુજબ દિવાળી નજીક આવતાં ફર્નિચર રિપેરિંગ અને પોલિશિંગના કામમાં સામાન્ય દિવસોની સરખામણીએ અંદાજે 50 ટકા સુધીનો વધારો નોંધાયો છે. જૂની વસ્તુને ઓછા ખર્ચે નવો દેખાવ મળતો હોવાથી ગ્રાહકોને બચત થાય છે અને સ્થાનિક કારીગરોને રોજગારી પણ મળે છે. આમ, દિવાળીનું બજાર હવે માત્ર નવી વસ્તુઓની ખરીદી પૂરતું સીમિત રહ્યું નથી. જૂની વસ્તુઓને નવેસરથી ઉપયોગમાં લેવાની વિચારસરણી એક નવા બિઝનેસ મોડલને પણ પ્રોત્સાહન આપી રહી છે.

કારીગરો માટે દિવાળી કમાણીની તક

દિવાળી અગાઉના દિવસોમાં ફર્નિચર પોલિશિંગ, સોફા કવર બદલવા અને લાકડાના સમારકામ કરતા કારીગરો પાસે કામનું ભારણ વધી જાય છે. અનેક કારીગરો અગાઉથી ઓર્ડર બુક કરે છે. તહેવાર પહેલાં કામ પૂર્ણ કરવાની ઉતાવળમાં ગ્રાહકો પણ અગાઉથી બુકિંગ કરાવે છે. આ રીતે જૂની વસ્તુઓને નવું સ્વરૂપ આપતું બજાર ગ્રાહકોની બચત સાથે સ્થાનિક કારીગરો અને નાના વેપારીઓ માટે આવકનું નવું માધ્યમ બની રહ્યું છે.

જૂના ઇલેક્ટ્રોનિક્સના પુનર્વેચાણમાં પણ તેજી

દિવાળીના બોનસ અને તહેવારોની ખરીદી વચ્ચે જૂના ઇલેક્ટ્રોનિક્સનું સેકન્ડ હેન્ડ બજાર પણ ધમધમી રહ્યું છે. ટીવી, ફ્રિજ, વોશિંગ મશીન, માઇક્રોવેવ, મોબાઇલ અને લેપટોપ જેવી વસ્તુઓનું સમારકામ કરીને ફરી વેચવાનો વ્યવસાય વધી રહ્યો છે. ઘણા લોકો નવું મોડેલ ખરીદવા માટે પોતાનો જૂનો મોબાઇલ કે લેપટોપ વેચી દે છે. બીજી તરફ વિદ્યાર્થીઓ, નોકરિયાત યુવાનો અને મર્યાદિત બજેટ ધરાવતા પરિવારો ઓછા ખર્ચે સારી વસ્તુ મેળવવા સેકન્ડ હેન્ડ બજારનો વિકલ્પ પસંદ કરે છે, જેમાં OLX અને Cashify જેવાં ઓનલાઇન માધ્યમો ઉપરાંત સ્થાનિક વેપારીઓ મારફતે પણ જૂના મોબાઇલ અને લેપટોપની ખરીદ-વેચાણ થાય છે. નાના દુકાનદારો આ આઈટમોને સમારકામ અને ચકાસણી બાદ વેચાતાં ઉપકરણોનું બજાર પણ આ ટ્રેન્ડને વેગ આપી રહ્યું છે. આમ, એક પરિવાર માટે જૂની બની ગયેલી વસ્તુ બીજા પરિવાર માટે ઓછી કિંમતે ઉપયોગી બની રહી છે.

ગુજરાતમિત્ર ૩૧-૦૫-૨૦૨૨ થી લાગુ
ટચૂકડી
મંગળવાર, શુક્રવાર, રવિવાર
હવે શબ્દ દીઠ ₹૯ +(GST)
ઓછામાં ઓછા ૧૨ શબ્દો
: જાહેરખબર આપવા માટે મળો :
ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત. ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦

વ્યવસાયીક ધંધાકીય

CM PEST CONTROL
લાઈફ ટાઈમ ખાત્રીપૂર્વક ઉધઈની ટ્રીટમેન્ટ. 9377672958/ 9374726017 (3568)

વુલન સ્વેટર,
રેઈનકોટ, ઈનર, થર્મલ, જેકેટ, ગંજી, જાંગીયા, મોજા, બ્લેઝર, ટ્રેક- પેન્ટ, ટી- શર્ટ, ખોલવડવાલા, લીમડાચોક, ડબગરવાડ, સુરત (201)

PRESIDENT PEST CONTROL
35 વર્ષથી ચાલતું એવોર્ડથી સન્માનિત લાયસન્સ 9825819250 (3569)

LCD તથા ટીવી નવી
તથા જુની લે- વેચ તથા અરજન્ટ રીપેરીંગ કરવા માટે મળો- 9016408862 શોએબભાઈ રીંગરોડ ભાઠેના (12503)

કબૂતર, મચ્છર જાળી
ઘરબેઠા ફિટીંગ. રોયલ નેટ સ્પાઈક. 9737166947, 8758533196 (10612)

જુના સામાન લેવામા
આવશે. જુના AC ચાલુ કે બંધ હાલતમાં, જુના 2- વ્હીલર વાહનો, જુની ઘરઘંટી તેમજ તમામ પ્રકારનો જુનો સામાન તમારો જુનો સામાન વેચવા માટે આજે સંપર્ક કરો. Mo. 9316100413 (12683)

ઘરબેઠા તાત્કાલિક
LED રીપેરીંગ. ઈલેક્ટ્રોનિક્સ, મોબાઈલ, રીમોટ. વિનોદ રેડિયો, લાલદરવાજા. 9328436184. (12512)

વ્યવસાયીક યાત્રા-પ્રવાસ

ગોવા, , મહાબળેશ્વર
6 દિવસ તા. 11, 17 નવેમ્બર, સારંગપુર વીરપુર, સોમનાથ, દીવ, દ્વારકા 3 દિવસ. સફેદરણ, કાળો ડુંગર, ભુજ, માંડવી, અંજાર, માતાનો મઢ દિવસ- 3 તા. 11, 15, 21 નવેમ્બર, 11 ડિસેમ્બર- અડાજણ. જયેશભટ્ટઃ 9909888622 (12682)

મહાદેવ ટુર
એન્ડ ટ્રાવેલ્સ. (અષ્ટવિનાયક, દગડુશેઠ), (ભીમાશંકર, ઘૃષ્ણેશ્વર, ઈલોરા), (સ્ટેચ્યુ ઓફ યુનિટી) (જગન્નાથપુરી, કાશી, બૈધનાથ) (મલ્લિકાર્જુન, રામેશ્વરમ, તિરૂપતિ) (હરિદ્વાર, વૃંદાવન, ખાટુશ્યામ) (ઉજ્જૈન, ઓમકારેશ્વર, બગલામુખી) (દ્વારકા, સોમનાથ, વિરપુર, સાળંગપુર) (શિરડી, શનિદેવ, સપ્તશૃંગી, સાપુતારા) (શામળાજી, અંબાજી, ઉંઝા, મોઢેરા, ચોટીલા) (મહાબળેશ્વર, લોનાવલા) (સફેદરણ) (Daily Service Booking) (ગાડી ભાડે મળશે) (સ્કૂલ પીક્નીક) 9998653276 (408)

નોકરી વિષયક

ડ્રાઈવર જોઈએ છે
12 કલાક, 8 કલાક માટે અલથાણ, વેસુ, પીપલોદ એરીયામાં Mo. 8511311422

જોઈએ છે
ટર્નર, ફીટર, ડ્રીલમેન, હેલ્પર, સચીન એરીયા માટે Mo. 9925144406 (12684)

ઘર બેઠા ટચુકડી જાહેરાત આપવા માટે સંપર્ક કરો
M. 9879663828
ગુજરાતમિત્ર

અગત્યની સુચના : ટચુકડી જાહેરખબરમાં પ્રસિધ્ધ થયેલી માહિતી અંગે વાચકે પુરતી ચકાસણી કરી લેવા વિનંતી. જાહેર ખબરની વિગતોની સત્યતા અંગેની અખબારની જવાબદારી રહેશે નહીં.